# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના દવાડા ગામેથી "કેચ ધ રેઈન" અભિયાનના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો**
2) **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ અને મનોરંજન માટે રેડિયોને શક્તિશાળી માધ્યમ ગણાવ્યું**
3) **ડ્રોનનો ઉપયોગ કરી પ્રતિસાદ સમય ઘટાડવા ગુજરાત પોલીસે ખાસ પ્રોજેક્ટ 'GP – DRASTI' શરૂ કર્યો**
4) **મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેનના કોરિડોર માટે કીમ નદી પર પુલ બનાવવાની કામગીરી પૂર્ણ**
5) **હવામાન વિભાગે 9 એપ્રિલ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાતમાં હીટવેવની આગાહી કરી**
6) **ઓલ ઈન્ડિયા પોલીસ શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાત પોલીસની શૂટિંગ ટીમે ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM CATCH THE RAIN 2.0

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના દવાડા ગામેથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન “કેચ ધ રેઈન”ના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી શુભારંભ કર્યો. આ પ્રસંગે, મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર જળસંચય માટે તમામ પ્રયત્નો કરી રહી છે અને સોસાયટીઓ પણ સરકારની યોજના હેઠળ જળસંચય માટે સ્થાનિક પ્રતિનિધીઓની ગ્રાન્ટની મદદથી જળસંચય કરી શકે છે.

કાર્યક્રમ દરમિયાન, મુખ્યમંત્રીએ લોકોને એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વધુને વધુ વૃક્ષો વાવવા અનુરોધ કર્યો હતો.

આજથી ૩૧ મે ૨૦૨૫ સુધી રાજ્યભરમાં આ અભિયાન યોજાશે. જેમાં રાજ્ય સરકારના ૬ જેટલા વિભાગો દ્વારા હયાત તળાવો ઊંડા કરવા-ચેકડેમ ડીસીલ્ટીંગ-નહેરો તથા કાંસની મરામત-સાફ સફાઈ અને જાળવણી તેમજ રેઇન વોટર હાર્વેસ્ટિંગ જેવા કામો લોક ભાગીદારીથી કરવામાં આવશે.

# GOVERNOR’S AKASHVANI VISIT

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોના શિક્ષણ અને મનોરંજન માટે રેડિયોને શક્તિશાળી માધ્યમ ગણાવ્યું છે. આજે આકાશવાણી, અમદાવાદની મુલાકાતે આવેલા રાજ્યપાલે આકાશવાણીના અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધન કર્યું. જે દરમિયાન, તેમણે દેશની પ્રાચીન પરંપરા જાળવવામાં અને સાંસ્કૃતિક વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવામાં આકાશવાણીનાં પ્રદાનની પ્રશંસા કરી.

(BYTE: GOVERNOR AKASHVANI)

શ્રી દેવવ્રતે 1971નાં યુધ્ધમાં આકાશવાણીના સમાચાર સહિત વિવિધ સંગીત કાર્યક્રમો અંગે પોતાનાં બાળપણની જૂની યાદો તાજી કરી હતી.

રાજ્યપાલ શ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી શરૂ કરેલા મન કી બાત’ કાર્યક્રમ બાદ રેડિયો પુનઃ પ્રચલિત થયો છે અને તેનું મહત્વ વધ્યું છે.

તેમણે આકાશવાણી પરિસરમાં વૃશ્ર વાવીને ‘એક પેડ મા કે નામ’ અભિયાનમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે આકાશવાણી કેન્દ્રના વડા એન એલ ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના વડા ડોક્ટર ચિરાગ ભોરણિયા અને આકાશવાણીના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# GP - DRASTI

રાજ્યમાં બનતી ગુનાની ઘટનામાં પોલિસ દ્વારા પ્રતિસાદનો સમય ઘટાડવા માટે રાજ્ય પોલિસ દ્વારા ‘ગુજરાત પોલીસ - ડ્રોન રિસ્પોન્સ એન્ડ એરિયલ સર્વેલન્સ ટેક્ટીકલ ઇન્ટરવેન્શન્સ- "GP - DRASTI" નામનો પ્રોજેક્ટ શરૂ કરાશે.

પ્રોજેક્ટ માટે આઠ ડ્રોન પ્રાપ્ત થઇ ચુક્યા છે અને ૧૮થી વધુ ડ્રોન ટૂંક સમયમાં મળી જશે. પ્રથમ તબક્કામાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના ૩૩ પોલીસ સ્ટેશનોમાં આ વ્યવસ્થા ગોઠવાશે.

યોજનાના પાયલટ પ્રોજેક્ટ અંગે રાજ્યના પોલિસ વડા વિકાસ સહાયે વધુ માહિતી આપીઃ

(BYTE: DGP VIKAS SAHAY)

# FINANCE COMMISSION MEMBERS

રાજ્ય સરકારે રાજ્યનાં ચોથા નાણાં પંચમાં ત્રણ પૂર્ણકાલીન સભ્યોની નિમણૂક કરી છે. અગાઉ પંચના અધ્યક્ષ તરીકે યમલ વ્યાસની નિમણૂક થયા પછી વધુ ત્રણ સભ્યોની નિમણુંક થઈ છે, જેમાં સાબરકાંઠાના જયંતીલાલ દેવાભાઈ પટેલ, વડોદરાના સુનીલ સોલંકી અને ભાવનગરના અભયસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે.

ફેબ્રુઆરી મહિનામાં રાજ્ય નાણાં પંચના સભ્ય સચિવ તરીકે બી. પી. ચૌહાણની નિમણુંક થઈ હતી.

# BANASKANTHA

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે તાજેતરમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટની ઘટનાના આરોપીઓને સાથે રાખીને પોલિસે ઘટનાનું રીકન્સ્ટ્રક્શન ક્યું હતું. પોલિસે બંને આરોપીને ઘટના સ્થળે લાવી તપાસ હાથ ધરી હતી. અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ, ગઈ કાલે બંને આરોપીને અદાલતમાં રજૂ કરતાં આઠ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

# BULLET TRAIN

મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેનના કોરિડોર માટે કીમ નદી પર પુલ બનાવવાની કામગીરી પૂર્ણ થઈ છે. કીમ નદી પર 120 મીટરની લંબાઈ ધરાવતો આ પુલ સુરત અને ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે આવેલો છે.

ઉલ્લેખનીય છે કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં 21 નદી પુલ બનાવવામાં આવશે. જેમાંથી અત્યાર સુધી 14 પુલના નિર્માણ કાર્ય પૂર્ણ થયા છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KUTCH DRUGS SEIZURE

કચ્છ જિલ્લાની મુંદ્રા પોલિસે ગઈ કાલે 25 કિલો ગાંજો જપ્ત કર્યો હતો. સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપે અઢી લાખ રૂપિયાના ગાંજાના 25 છોડ સાથે આરોપીની ધરપકડ કરી હતી. આ આરોપીએ નાગ તલાવડી પાસે 47 લાખ રૂપિયાની સરકારી જમીન પર દબાણ કર્યું હતું, જેને પશ્ચિમ કચ્છ પોલીસ અને સત્તાવાળાઓએ તોડી પાડ્યું છે.

# UTTHAN NGO AWARD

અમદાવાદ સ્થિત બિન-સરકારી સંગઠન 'ઉત્થાન'ને મહિલાઓની આગેવાની હેઠળ આબોહવા પરિવર્તન ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી બદલ પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલ દ્વારા ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ 2024-25માં પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.

આદિવાસી અને દરિયાઈ વિસ્તારમાં 6 જીલ્લાના 250 ગામોમાં મહિલાઓના આર્થિક અને સામાજિક સશકિતકરણ માટે કાર્યરત આ સંસ્થા છેલ્લાં 45 વર્ષથી 5,000 જેટલા નાના અને સીમાંત મહિલા ખેડૂતોની આગેવાની હેઠળ ટકાઉ ખેતી ક્ષેત્રે સક્રિયપણે કાર્ય કરે છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હીટવેવની આગાહી કરી છે.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે જણાવ્યું કે, રાજ્યના દરિયાઈ જિલ્લાઓમાં 9 એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે. રાજ્યમાં આવતી કાલથી 8 એપ્રિલ સુધીમાં મહતમ તાપમાનમાં ક્રમશઃ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા છે.

(BYTE: A K DAS)

છેલ્લાં 24 કલાકમાં મહત્તમ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગર, ભુજ અને રાજકોટમાં, જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

દરમિયાન, લૂ અથવા “હિટવેવ”થી બચવા રાહત કમિશનરની કચેરીએ માર્ગદર્શિકા જાહેર કરી છે.

પુષ્કળ પ્રમાણમાં ઠંડુ પાણી, લીંબુ શરબત, છાશ, નારીયેળનું પાણી, ખાંડમીઠાનું દ્રાવણ અને ORS જેવા પ્રવાહીનું સેવન કરવાની સલાહ આપવામાં આવી છે.

# TRAIN - TIME CHANGE

પશ્ચિમ રેલવે દ્વારા 3 પેસેન્જર ટ્રેનના સમયમાં 10 મી એપ્રિલથી ફેરફાર કરવામાં આવશે. નવા સમય મુજબ મહેસાણા-પાટણ પેસેન્જર ટ્રેન મહેસાણાથી સાડા બાર વાગ્યે ઉપડ્શે અને 1 વાગીને 20 મિનિટે પાટણ પહોંચશે. એ જ રીતે પાટણ-મહેસાણા પેસેન્જર ટ્રેન 4 વાગીને 25 મિનિટે ઉપડ્શે અને સવા પાંચ વાગ્યે મહેસાણા પહોંચશે.

પાટણ-સાબરમતી ડેમુ ટ્રેન પાટણથી 12 વાગીને 10 મિનિટે ઉપડ્શે અને 1 વાગ્યે મહેસાણા અને પોણા ત્રણ વાગ્યે સાબરમતી સ્ટેશન પહોંચશે. આ અંગેની વધુ માહિતી WWW.ENQUIRY.INDIANRAIL.GOV.IN વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

# ALL INDIA POLICE SHOOTING

૧૮મી ઓલ ઈન્ડિયા પોલીસ શૂટિંગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ગુજરાત પોલીસની શૂટિંગ ટીમે ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા છે. ઇન્દોર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં પીઆઈ લજ્જા ગોસ્વામીએ ૩૦૦ મીટર ૩ પોઝિશન રાઈફલ, વ્યક્તિગત અને ૫૦ મીટર ૩ પોઝિશન રાઈફલ, વ્યક્તિગત સ્પર્ધામાં અને પીએસઆઈ સિયા તોમરે ૩૦૦ મીટર પ્રોન રાઈફલ વિભાગમાં આ ચંદ્રક મેળવ્યા છે.

# KHEL MAHAKUMBH - NAVSARI

નવસારીના વાંસદા તાલુકાના નવતાડની યુવતી કાજલ માહલાએ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કામાં રાજયકક્ષાની મહિલાઓની "સ્પોર્ટ્સ ક્લાઈમ્બિંગ સ્પર્ધામાં લીડ ક્લાઈમ્બિંગમાં રજત ચંદ્રક મેળવ્યો છે.

# SHORT FILM - PRIZE

વિકસિત ભારત વિકસિત ગુજરાતની વિષયવસ્તુ પર સમૂહ માધ્યમના વિદ્યાર્થીઓએ માટે "શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા" યોજાઇ હતી. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને ગાંધીનગર ખાતે માહિતી નિયામક કે. એલ. બચાણીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે માહિતી નિયામકશ્રી એ જણાવ્યું કે, શોર્ટ ફિલ્મ સ્પર્ધાના પરિણામે સમૂહ માધ્યમના વિધાર્થીઓ અને રાજ્ય સરકાર વચ્ચે એક નવો સેતુ રચાયો છે.